**ભરૂચ જિલ્લામાં ગોલ્ડન બ્રિજથી તરીયા ગામ સુધી પૂરસંરક્ષણ દિવાલ**

* 15/4/1693 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ**(લુણાવાડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (કલ્પસર)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ગોલ્ડન બ્રિજથી તરીયા ગામ સુધી પૂરસંરક્ષણ દિવાલ બનાવવાનું ક્યારે નક્કી થયેલ છે, | (૧) ભરૂચ જિલ્લામાં નર્મદા રેલવે બ્રિજથી તરીયા ગામ સુધી પૂરસંરક્ષણ પાળો બનાવવાનું, પ્રગતિ હેઠળની ભાડભૂત બૅરેજ યોજના અંતર્ગત નક્કી થયેલ છે. |
| (૨) ઉક્ત કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, | (૨) ભાડભૂત બૅરેજ યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે અને ઉક્ત પૂરસંરક્ષણ પાળા માટે જમીન સંપાદનની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. |
| (૩) ઉક્ત કામગીરી પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શા છે, અને | (૩) ઉક્ત પૂરસંરક્ષણ પાળા માટેની જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયેલ ન હોઈ કામગીરી પૂર્ણ થયેલ નથી. |
| (૪) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૪) ઉક્ત કામગીરી માટેની જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયેથી દોઢ(૧.૫) વર્ષમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------